# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-07-2025** **Morning: 7.45 TO 7.55**

**Day : WEDNESDAY** **National News**

નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)

સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, કોઈ પણ વિશ્વ નેતાએ ભારતને ઓપરેશન સિંદૂર બંધ કરવા કહ્યું નથી

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી પશ્ચિમ બંગાળ અને ઝારખંડના ત્રણ દિવસનાં પ્રવાસે.

3) આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે વર્ષ 2025-26 માટે ભારતના આર્થિક વિકાસ દરનો અંદાજ સુધારીને 6.4 ટકા કર્યો

4) ભારતીય અવકાશ સંશોધન સંગઠન આજે નિસાર ઉપગ્રહ લોન્ચ કરશે.

5) બિહાર, પૂર્વ રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં આજે અતિભારે વરસાદની આગાહી

6) ગુજરાતમાં જન્મેલા પ્રખ્યાત અર્થશાસ્ત્રી અને બ્રિટનના હાઉસ ઑફ લૉર્ડ્સના સભ્ય મેઘનાદ દેસાઈનું 85 વર્ષની વયે અવસાન.

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# LOK SABHA - OPERATION SINDOOR

લોકસભામાં ઓપરેશન સિંદૂર પરની વિશેષ ચર્ચાનો જવાબ આપતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતે ઓપરેશન દરમિયાન પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદી છાવણીઓનો નાશ કર્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારતે પાકિસ્તાનના પરમાણુ ધમકીઓ સામે ઝૂકશે નહીં.

શ્રી મોદીએ કહ્યું કે કોઈ પણ વિશ્વ નેતાએ ભારતને ઓપરેશન સિંદૂર બંધ કરવા કહ્યું નથી. શ્રી મોદીની આ ટિપ્પણી વિપક્ષ દ્વારા અમેરિકાના દબાણ હેઠળ પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ પર સંમતિ આપવાના આરોપ વચ્ચે આવી હતી.

શ્રી મોદીએ કહ્યું કે, અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ સાથેની વાતચીત દરમિયાન, ભારતે પોતાનું વલણ સ્પષ્ટ રાખ્યું છે કે જો પાકિસ્તાન હુમલો કરશે, તો ભારત મોટો હુમલો કરીને જવાબ આપશે. શ્રી મોદીએ કોંગ્રેસ પર ઓપરેશન સિંદૂર પર દેશને ટેકો ન આપવાનો આરોપ મૂક્યો હતો.

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે તપાસના ભાગ રૂપે, સશસ્ત્ર દળોએ પીડિતોના પરિવાર પ્રવાસીઓ અને સ્થાનિક રહેવાસી સહિત એક હજારથી વધુ વ્યક્તિઓની પૂછપરછ કરી હતી. માહિતીના આધારે, સંયુક્ત સ્કેચ તૈયાર કર્યાં બાદ 22 જૂને, આતંકવાદીઓને આશ્રય આપનારા બે વ્યક્તિઓ, બશીર અને પરવેઝની ઓળખ કરવામાં આવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારત સરકાર આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ ધરાવે છે.

શ્રી શાહે ભૂતપૂર્વ ગૃહમંત્રી પી ચિદમ્બરમ દ્વારા આતંકવાદીઓ પાકિસ્તાનના હોવાના પુરાવા માંગવા બદલ અને પાકિસ્તાનને ક્લીનચીટ આપવા બદલ ટીકા કરી હતી.

ઉપરાંત કોંગ્રેસ, DMK, શિવસેના, TMC સહીતના પક્ષોએ ચર્ચામાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . . .

# RS - OPERATION SINDOOR

આજે સવારે 11 વાગ્યે સંસદની કાર્યવાહી ફરી શરૂ થશે. ગઈકાલે બંને ગૃહોમાં પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં સફળ અને નિર્ણાયક ઓપરેશન સિંદૂર પર ખાસ ચર્ચા થઇ. ચર્ચા શરૂ કરતા, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પહેલગામમાં 26 નિર્દોષ લોકોની હત્યા કરનારા ત્રણ આતંકવાદીઓનો ખાતમો કરવા બદલ સેના અને સુરક્ષા દળોને અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો છે. તેઓએ ઉમેર્યું કે જો પાકિસ્તાન ભવિષ્યમાં ફરીથી આવું કરવાની હિંમત કરશે, તો ભારત ઓપરેશન સિંદૂર હેઠળ કાર્યવાહી કરવામાં અચકાશે નહીં અને ક્યારેય પાકિસ્તાનના પરમાણુ ધમકીઓ સામે ઝૂકશે નહીં.

તો રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સરકારને ઓપરેશન સિંદૂર દરમિયાન જાહેર કરાયેલા યુદ્ધવિરામ અંગે પ્રશ્ન કર્યો હતો. તેમણે પહેલગામ આતંકવાદી હુમલાના ગુનેગારોને પકડવામાં સરકારની નિષ્ફળતા અંગે પણ પ્રશ્ન કર્યો. DMK પાર્ટીના તિરુચી શિવાએ સરકાર પર ઓપરેશન સિંદૂર પર વિપક્ષના પ્રશ્નોના જવાબ ન આપવાનો આરોપ લગાવ્યો. આ ઉપરાંત આમ આદમી પાર્ટીના સંજય સિંહ, તૃણમૂલ કોંગ્રેસના સાગરિકા ઘોષ, રાષ્ટ્રીય જનતા દળના એ.ડી. સિંહ, કોંગ્રેસના પી. ચિદમ્બરમ સહિતના નેતાઓએ ચર્ચામાં ભાગ લીધો હતો

. . . . . . . . . . . . . . . . .

# PRESIDENT – W. BENGAL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી પશ્ચિમ બંગાળ અને ઝારખંડના ત્રણ દિવસની મુલાકાતે જશે. મુલાકાત દરમિયાન તેઓ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

પશ્ચિમ બંગાળના કલ્યાણી એઈમ્સના અને ઝારખંડમાં, એઈમ્સ દેવઘરના પ્રથમ પદવીદાન સમારોહમાં તેઓ હાજરી આપશે. બાદમાં, તેઓ ધનબાદ સ્થિત આઈ.આઈ.ટી (ઈન્ડિયન સ્કૂલ ઓફ માઈન્સ) ના 45મા પદવીદાન સમારોહમાં હાજરી આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# GDP

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે વર્ષ 2025-26 માટે ભારતના આર્થિક વિકાસ દરનો અંદાજ સુધારીને 6.4 ટકા કર્યો છે. અગાઉ 2025 માં GDP વૃદ્ધિ દર 6.2 ટકા અને 2026 માં 6.3 ટકા રહેવાનો અંદાજ હતો.

વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકે ભારતની સ્થિતિને વૈશ્વિક સ્તરે મજબુત થતાં, આ સુધારો કરાયો છે.

વૈશ્વિક આર્થિક વૃદ્ધિ દર 2025 માં 3 ટકા અને 2026 માં 3.1 ટકા રહેવાનો અંદાજ છે. અગાઉના અંદાજથી આ સાધારણ વધારો અમેરીકા ટેરિફની અપેક્ષા કરતા ઓછી અસર અને સુધારેલી નાણાકીય સ્થિતિને કારણે થશે. ચીનનો આર્થિક વિકાસ દર 2025 માં 4.8 ટકા અને 2026 માં 4.2 ટકા રહેવાની ધારણા છે. જ્યારે, અમેરિકાનો વિકાસ દર 2025 માં 1.9 ટકા અને 2026 માં બે ટકા રહેવાનો અંદાજ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

. . . . . . .

# NASA-ISRO

ભારતીય અવકાશ સંશોધન સંગઠન આજે NASA-ISRO સિન્થેટિક એપરચર રડાર (NISAR) ઉપગ્રહ લોન્ચ કરશે.

આ ઉપગ્રહ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી GSLV-F16 રોકેટનો ઉપયોગ કરીને સાંજે લોન્ચ કરવામાં આવશે. લોન્ચ માટે કાઉન્ટડાઉન ગઈકાલે બપોરે 2:10 વાગ્યે શરૂ થયું. આ મિશનનો હેતુ દર 12 દિવસે સમગ્ર પૃથ્વી પર ભ્રમણ કરી તેના માહિતી એકઠી કરવાનો છે.

ખાસ કરીને આબોહવા પરિવર્તન સંશોધન અને આપત્તિ સમયે ઝડપથી સહાય થી શકે તેવા એક્યુરેટ તસવીરો અવકાશમાંથી મોકલશે.

ઉપગ્રહમાં સેન્ટીમીટર-સ્તરની ચોકસાઈ સાથે સપાટીના ફેરફારોને ટ્રેક કરવા માટે NASA ના L-બેન્ડ અને ISRO ના S-બેન્ડ રડારનો સમાવેશ થાય છે.

NISAR પૃથ્વી ઉપર થતી તમામ ગતિવિધિઓ પર વૈજ્ઞાનિક માહિતી મોકલશે ઉપરાંત પૃથ્વીની આબોહવા અને વધતાં તાપમાન વચ્ચે જમીન અને બરફના ગ્લેશિયરમાં થતાં ફેરફારોનો અભ્યાસ કરી તેની માહિતી મોકલશે.

. . . . . . . . . . . . .

# MEGHNAD DESAI DIEDIP

ગુજરાતમાં જન્મેલા પ્રખ્યાત અર્થશાસ્ત્રી અને બ્રિટનના હાઉસ ઑફ લૉર્ડ્સના સભ્ય મેઘનાદ દેસાઈનું ગઈકાલે 85 વર્ષની વયે અવસાન થયું. તેઓ લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સમાં પ્રતિષ્ઠિત પ્રધ્યાપક હતા, જ્યાં તેમણે વર્ષ 1965થી 2003 સુધી શિક્ષણ આપ્યું.

વર્ષ 1940માં વડોદરામાં જન્મેલા સ્વર્ગીય મેઘનાદ દેસાઈએ બૉમ્બે વિશ્વ-વિદ્યાલયમાંથી અનુસ્નાતકની પદવી મેળવી. ત્યારબાદ વર્ષ 1960માં પેન્સિલવૅનિયા વિશ્વ-વિદ્યાલયથી તેમણે Ph.D કર્યું હતું. શ્રી દેસાઈ વૈશ્વિક સ્તરના સન્માનીય ભારતીય—બ્રિટિશ અર્થશાસ્ત્રી, શિક્ષણવિદ્ અને રાજકીય વિચારક હતા. તેમની કારકિર્દી 60 વર્ષથી વધુ સમયની રહી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેઘનાદ દેસાઈના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પરના સંદેશમાં શ્રી મોદીએ લખ્યું, એક પ્રતિષ્ઠિત વિચારક, લેખક અને અર્થશાસ્ત્રી શ્રી મેઘનાદ દેસાઈના અવસાનથી તેઓ દુઃખી છે. શ્રી મેઘનાદ હંમેશા ભારત અને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા રહ્યા. તેમણે ભારત—બ્રિટિશ સંબંધને વધુ મજબૂત બનાવવામાં ભૂમિકા નિભાવી હતી.

ઉલ્લેખનીય છે કે, એક ઉત્કૃષ્ટ લેખક તરીકે તેમણે આઠ પુસ્તક લખી અને 200થી વધુ શૈક્ષણિક પત્ર પ્રકાશિત કર્યા હતા.

. . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે બિહાર, પૂર્વ રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. છત્તીસગઢ, પૂર્વ મધ્ય પ્રદેશ, ઝારખંડ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ અને ઉત્તરપૂર્વીય રાજ્યોના કેટલાક ભાગોમાં પણ દિવસભર મધ્યમથી ભારે વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગ અનુસાર, જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં પણ હળવો વરસાદ થવાની સંભાવના છે.

આગામી 7 દિવસ દરમિયાન કેરળ, માહે, લક્ષદ્વીપ, કર્ણાટક, રાયલસીમા, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, યાનમ અને તેલંગાણામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. દરમિયાન, માછીમારોને 3 ઓગસ્ટ સુધી અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના ક્ષેત્રમાં જવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

1. ફૂલછાબ,ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર અને સંદેશ અખબારે દુનિયાના કોઈપણ નેતાએ ઓપરેશન સિંદૂર રોકવા કહ્યું નથી' ના સમાચાર મુખ્ય પાન પર છાપયા છે.

2. રાજસ્થાન પત્રિકા એ - દુનિયા કા સાથ મિલા, કોંગ્રસ કા નહીં; ને ટાઇટલ સાથે મુખ્ય સમાચાર બનાવ્યાં છે અને બદલા પૂરા...ખબર પક્કીને બોક્સમાં સ્થાન આપ્યું છે

3. ગુજરાત સમાચારે ભારતીય મૂળના બ્રિટિશ અર્થશાસ્ત્રી લોર્ડ મેઘનાદનું 84 વર્ષે નિધનના ખબર બોક્સમાં છાપયા છે.

4. નવ ગુજરાત સમય લખે છે કે દેશ ના સૌથી સલામત શેહરોમાં અમદાવાદ મોખરે: મુખ્ય પાન પર સ્થાન આપ્યું છે

5. ફૂલછાબે અંબાજી યાત્રા ધામને 1632 કરોડના ખર્ચે મોડેલ ટેમ્પલ ટાઉન તરીકે વિકસાવશેને છેલ્લા પાન પર છાપ્યું છે

6. સંદેશમાં હવે પીન વિના માત્ર એક ટચ અને ફેસ વડે યુપીઆઈ પેમેન્ટ કરાશે તેનાં સમાચારને બોક્સમાં છાપ્યાં છે.

7. મોટી સંખ્યામાં લોકો મતદારીયાદીમાંથી બહાર હશે તો અમે હસ્તક્ષેપ કરીશું સુપ્રીમ કોર્ટનાં સમાચારને બોક્સમાં છાપયાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

સિમ્પલ મેડમ, JAYESH G..